# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

તૃતીય વર્ષ અભ્યાસક્રમ-૭

દિસમ્બર

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો** ૨૦

૧. ધ્યાન કરવા તત્પર થયેલા ધ્યાતાએ પોતાના શુદ્ધ આત્મદ્રવ્ય તથા............... ને જાણી લીધું છે.
૨. પુણ્યશાલીઓ જિનેશ્વરની સ્નાત્રક્રિયા પ્રસંગે.................... નું આલેખન કરે છે.
૩. મુનિવરો નું તપ, સિદ્ધિ ના સુખ વિગેરે પદાર્થો નું વર્ણન.................... માં કર્યુ છે.
૪. શ્રી જયસિંહસૂરિ ના ઉપદેશ થી શ્રી શત્રુંજય નો સંઘ કાઢી ને.................... થાળી ની લહાણી કરેલી .
૫. જીવ પોતા ના આત્મપ્રદેશો દ્વારા પુદ્ગલ ગ્રહણ કરે છે તે .................... કહેવાય છે.
૬. સયોગી ગુણસ્થાન માં શુદ્ધ....................... હોય છે.
૭. જિનાગમો માં...................... ના બધા જ રહસ્યો સ્પષ્ટ કરવા માં આવ્યા છે.
૮. શાંતિકલશ ગ્રહણ કરનાર પુષ્પહાર કંઠ માં ધારણ કરી ને શાંતિની.................. કરે.
૯. નવમા ગુણસ્થાનક ના છઠ્ઠા ભાગ માં સાધક અનુક્રમ થી ચાર પ્રકૃતિઓ ને ધ્યાન થી ઉત્પન્ન થયેલી.........થી ખપાવે છે.
૧૦. પોતા ના સુકૃત્યો થી...................... વંશજોએ જૈનધર્મ નું નામ દીપાવ્યુ છે.
૧૧. દીર્ઘકાલિકી સંજ્ઞા.................... જીવો ને હોય છે.
૧૨. આગમો નો.................નિશ્ચલ ત્રિવિધ દુઃખો નો નાશ કરી સિદ્ધિપદ ને પામે છે.
૧૩. સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મન્ત્રાન્ ...................... હિ જિનાભિષેકે.
૧૪. વિ.સ. ૧૨૦૨ મેં યશચન્દ્ર ને...................... નગર માં આચાર્યપદ થી વિભૂષિત કરવા માં આવ્યા.
૧૫. .......................... દેવતાઓં નું જઘન્ય આયુષ્ય એક પલ્યોપમ છે.
૧૬. બીજા શુક્લધ્યાન ના યોગ થી સાધુ કર્મરુપી કાષ્ટ ને બાળી ને અંતે.................. આ બે પ્રકૃતિઓ નો નાશ કરે છે.
૧૭. શ્રી જ્ઞાતા સૂત્ર માં કયાઓ દ્વારા જુદીજુદી રીતે.................... આપ્યો છે.
૧૮. સમાન સમાચારી ના વિચાર ને તોડી પાડવા...................નું ઉગ્ર વાતાવરણ તૈયાર કરવા માં આવ્યુ.
૧૯. કઇ ગતિ માં કઇ કઇ ગતિ માંથી જીવ આવે તે.................... કહેવાય.
૨૦. આસપ ની પુત્રી લક્ષ્મી તથા પુત્ર આંબડે ભક્તિથી.................... લખાવ્યું હતું.

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જવાબ આપો.** ૧૫

૧. પલ્યોપમ ના આઠમા ભાગ જેટલું જઘન્ય આયુષ્ય કોનુ હોય છે ?
૨. દિગમ્બરો અને શ્વેતાંબરો વચ્ચે ના ઐતિહાસિક વાદ-વિવાદ માં શ્વેતાંબર સંપ્રદાય ના કર્ણધાર કોણ હતા.
૩. સંસારની માયાજળ માં જીવ કેમ ફસાય છે અને એમાંથી કેમ મુક્ત થઇ શકે એ તત્વજ્ઞાન શેમાં ભરેલો છે ?
૪. શાંતિકળશ કયા હાથ માં ગ્રહણ કરાય છે ?
૫. શુક્લધ્યાન નો બીજો ભેદ કયા ગુણસ્થાન માં હોય છે ?
૬. લોક ના છેવાડે રહેલા કયાજીવો ને ત્રણ, ચાર, પાંચ કે છ દિશા નો આહાર મળે છે ?
૭. નાનપણ માં શ્રી જયસિંહસૂરિ નું લાડ નું નામ શું હતું ?
૮. સંયમ લેનાર જીવો ને અનુકુળ ઉપસર્ગો સહન કરવાની વાત કયા સૂત્ર માં સમજાવી છે ?
૯. શ્રીમાલી શ્રેષ્ઠી ધર્મદાસે કયા જિનાલય નો જિર્ણોદ્ધાર શ્રી કલ્યાણસાગર સૂરિશ્વરજી ના ઉપદેશ થી કરાવ્યો ?
૧૦. શાંતિકળશ નું પાણી કયાં લગાડવુ જોઇએ ?
૧૧. સર્વ સ્થાવરો કેવા હોય છે ?
૧૨. ત્રણ વિશેષણ યુક્ત શુક્લધ્યાન ને ધ્યાતા ધ્યાતા સાધક શું પ્રાપ્ત કરે છે ?
૧૩. કુમારપાલરાજા એ કયાં ના વણકરો ને પાટણ માં વસાવવાનો નિશ્ચય કર્યો ?
૧૪. શ્રી ઓપપાતિક સૂત્રમાં કયા રાજાએ પ્રભુની દેશના સાંભળી એનો વર્ણન આવે છે ?
૧૫. સમ્યગ્ દર્શનવાળા ની સંજ્ઞા તે કઇ સંજ્ઞા કહેવાય છે ?

**પ્રશ્ન- ૩ નીચે આપેલા શબ્દોના અર્થ લખો.** ૧૦

૧) ગચ્છંતિ ૨) છત્તે ૩) પઠન્તિ ૪) ચતુષ્કં ૫) ભયણા ૬) પુંવેદશ્ચ ૭) થિરા ૮) ગૃહિત્વા ૯) ત્રિષષ્ઠિ ૧૦) કોવિદૈ:
૧૧) વિદનયો ૧૨) કલ્યાણભાજ: ૧૩) વિગલે ૧૪) ભવેજ્જહિ ૧૫) દીહ ૧૬) અહં ૧૭) સૃજન્તિ ૧૮) વએસિયા
૧૯) ષંઢત્વ ૨૦) નિરત

**પ્રશ્ન-૪ જોડકા જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) વિકલેન્દ્રિય | ૧) ચાંદણ રાણા | ૬) આશધર | ૬) શ્રી નંદી સૂત્ર |
| ૨) પાઁચ જ્ઞાન | ૨) જાલિકુમાર | ૭) અનુત્તર વિમાન | ૭) વીતરાગ |
| ૩) માંગલિક સ્તોત્ર | ૩) શ્રીવત્સ | ૮) તિર્યંચ પંચેન્દ્રિય | ૮) હેતુવાદોપદેશિકી |
| ૪) સોમચંદ | ૪) શુભદત્ત | ૯) વર્ધમાનક | ૯) પુષ્પવર્ષા |
| ૫) સૂક્ષ્મસંપરાય | ૫) વ્યંતર | ૧૦) ક્ષપક | ૧૦) કીટ્ટીકરણ |

**પ્રશ્ન-૫ નીચેના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. નવમા ગુણસ્થાનક ના પ્રથમ ભાગ માં સાધક કેટલી પ્રકૃતિ ખપાવે છે ?
૨. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર માં કેટલા પદાર્થોનું વર્ણનકરવા માં આવ્યુ છે ?
૩. શ્રી જયસિંહસૂરિ એ ઉપદેશ આપી કયા સાલ માં રાઉત વીરચંદ ને જૈન બનાવ્યો ?
૪. સ્નાત્ર મંડળ માં શાંતિકલશ કેટલી વસ્તુ સાથે ગ્રહણ કરવાનું છે ?
૫. કિમાહાર શ્રી દંડક પ્રકરણ નું કેટલામું દ્વાર છે ?
૬. સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક માં કેટલી પ્રકૃતિ નો બંધ હોય છે ?
૭. બળ કેટલા છે ?
૮. શ્રી જયસિંહસૂરિ નું લલાટ કેટલુ લાંબુ હતું ?
૯. પર્યાપ્તિ દ્વાર માં દેવતાઓ ના કેટલા દંડક બતાવ્યા છે ?
૧૦. બીજાભેદવાળું શુક્લધ્યાન કેટલા વિશેષણોં થી યુક્ત હોય છે ?

**પ્રશ્ન-૬ નીચેના વાક્યો સાચા (✓ ) છે કે ખોટા ( × ) તે જણાંવો.** ૧૦

૧. ક્ષપક વીતરાગ હોય છે, વિશેષ રાગદ્વેષ રહિત હોય છે.
૨. શ્રી સૂર્ય,ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર માં સૂર્ય, ચંદ્ર વિગેરે ના પૂર્વભવાદિ નું વર્ણન કર્યુ છે .
૩. અખિલ વિશ્વ નું મંગલ થાઓ, પ્રાણીઓ સત્કાર્ય માં તત્પર બનો.
૪. શ્રેષ્ઠિ દાહડ, કોટ્ધિવજનું ગૌરવ ધરાવતા હતા.
૫. સ્થાવર ના પાંચ દંડક ને પાંચ પર્યાપ્તિ હોય છે.
૬. આગમો નિર્વાણરુપી નગર માં પહોંચવાના માર્ગરુપ કહેવાય છે.
૭. રાજા વીરદત્ત નિ:સંતાન હતો .
૮. જ્યોતિષદેવો નું જઘન્ય આયુષ્ય પલ્યોપમ ના ચોથા ભાગ જેટલું હોય છે.
૯. કટારમલે સૂરિના ઉપદેશ થી હસ્તિનાપુર માં જિન પ્રાસાદ બંધાવ્યો.
૧૦. કયો જીવ મરીને કઇ ગતિ માં જશે તે ગતિ કહેવાય.

**પ્રશ્ન-૭ નીચેના વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. દુષમકાલ જિનબિંબ જિનાગમ ભવિયણ કો આધાર.
૨. અંચલગચ્છ ના સંગઠન માટે તો તેમને કરોડરજ્જુ ની જ ઉપમા આપી શકાય.
૩. અપૃથકત્વ એટલે પૃથકત્વરહિત છે.
૪. આહાર એટલે અહિં મુખ થી લેવાનો આહાર સમજવાનો નથી.
૫. આગમ નો સાત્વિક આરાધક નિશ્ચલ ત્રિવિધ દુ:ખો નો નાશ કરી સિદ્ધિપદ ને પામે છે.
૬. વિઘ્નરૂપી વેલીઓં છેદાઇ જાય છે અને મન પ્રસન્નતા ને પામે છે.
૭. આવા કલુષિત વાતાવરણમાં મૂળ પ્રસ્તાવ દૂર ઠેલાઇ ગયો.
૮. આ શુદ્ધિ કેવી છે ? મુક્તિરૂપી લક્ષ્મી ના સુખ ને દેખાડનારી છે.
૯. તે બાહ્ય અભ્યંતર શુદ્ધ થયેલો હોવો જોઇએ.
૧૦. નાગડા વંશજોએ પોતાનાં સુકૃત્યોથી જૈનધર્મ નું નામ દિપાવ્યું છે.

**પ્રશ્ન-૮ તમારી ભાષામાં સમજાવો.** ૧૫

૧) બૃહદ્શાંતિની ૨૦,૨૧,૨૨,૨૩ મી ગાથા નો અર્થ સમજાવો.
૨) જેસિંગ ની સિદ્ધરાજ મહારાજા સાથે મુલાકાત અને એમને રાજાની પ્રેરણા. ૩) પર્યાપ્તિ દ્વાર
૪) દસ પયન્ના નું સંક્ષિપ્ત વર્ણન ૫) ક્ષીણ મોહ ગુણસ્થાનક

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayacademy.com